# પ્રકરણ - 8

# ઉપસંહાર અને તારણો

# પ્રકરણ - 8

## ઉપસંહાર અને તારણો

પ્રસ્તુત અધ્યયન વિશિષ્ટાદ્વૈત વેદાન્તના તત્ત્વજ્ઞાનને 'વેદાન્તદીપ'ના માધ્યમથી સમજવાનો પ્રયત્ન છે. 'વેદાન્તદીપ' અને 'શ્રીભાષ્ય' આ બન્ને ગ્રંથો બ્રહ્મસૂત્ર પર લખાયેલા ભાષ્ય છે. પરંતુ તે બન્નેમાં ભેદ છે. એક જ વિષયનું એક સરખું નિરૂપણ કરતાં હોવા છતાં 'શ્રીભાષ્ય' વિદ્વદ્‌ભોગ્ય છે. જ્યારે 'વેદાન્તદીપ' વેદાન્ત જેવા ગઠન વિષયને સરળતાથી પ્રસ્તુત કરવા પ્રયત્ન કરે છે. ખંડન મંડનની પ્રવૃત્તિમાં પડ્યા વગર વિશિષ્ટાદ્વૈત મનની સમજુતિ જ આપવાનો ઉપક્રમ હોવા છતાં આ ગ્રન્થ સારગર્ભિત છે, આ ગ્રન્થના અધ્યયન દ્વારા કેટલાંક તારણો મળ્યા છે જે નીચે મુજબ છે.

(1) તત્ત્વજ્ઞાન ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે. દર્શનશાસ્ત્રોમાં તત્ત્વજ્ઞાનનું નિરૂપણ છે. આ જ્ઞાન મેળવવું મુશ્કેલ છે. સામાન્ય જન ત્યાં સુધી પહોંચી શકતો નથી. તેમાં પણ વેદાન્ત જેવા ગહન વિષયને હોય કે શ્રીરામાનુજાચાર્યનું વિશિષ્ટાદ્વૈત વેદાન્ત હોય પણ તેમાં અવગાહન કરવાનું સૌ કોઈનું ગજું નથી. વેદાન્તદીપ સરળ શૈલીમાં લણાયેલો ગન્થ હોવાથી વેદાન્તના પ્રારંભિક જિજ્ઞાસુઓ માટે આ ગ્રન્થ આશીર્વાદ રૂપ છે. કારણ કે આ ગ્રન્થમાં તત્ત્વજ્ઞાન ના કઠિન સિદ્ધાન્તોને લોકભોગ્ય બનાવ્યા છે.

(2) આ ગ્રન્થ બ્રહ્મસૂત્ર પરનું લઘુભાષ્ય છે. આ ગ્રન્થમાં પણ વિષય, સંશય, પૂર્વપક્ષ, ઉત્તરપક્ષ્ અને નિર્ણય એ ક્રમમાં અધિકરણો ગોઠવવામાં આવ્યાં છે. જેના દ્વારા સૂત્રોના અર્થનુંવર્ણન કરવામાં આવે છે. ભાષ્યના બધાં લક્ષણો ચરિતાર્થ થતાં હોવા છતાં તે દુર્બોધ બની રહ્યા નથી. શૈલી સરળ અને અર્થ

ગંભીર રહી છે. શબ્દચયન શ્રીભાષ્યાનુસારી છે. છતાં કેટલાક વિષયોનું નિરૂપણ કરવા શ્રીભાષ્યમાં જે વિસ્તાર જોવા મળે છે તે વેદાન્તદીપમાં અત્યંત ટૂંકમાં રજૂ કરી દે છે. દા.ત. આનંદમયાધિકરણમાં પ્રથમ સૂત્ર आनन्दमयोऽभ्यासात् નું વિવેચન શ્રીભાષ્યમાં ખૂબ લંબાણ પૂર્વક છે. જ્યારે વેદાન્તદીપમાં આ વિવેચન ટૂંકમાં રજૂ થયું છે છતાં તેમાં શ્રીભાષ્યના જેવી મહત્તા અને ચીવટતા તો છે જ. એ બાબત અલગ છે કે આ ભાષ્ય વિદ્યાર્થીલક્ષી છે તેથી દુર્બોધ બાબતોને હટાવી લેવામાં આવી છે.

(3) પ્રથમ અધ્યાયનું પ્રયોજન બ્રહ્મકારણવાદનું સ્થાપન કરવાનું છે. તેથી બ્રહ્મનું નિરૂપણ કરતાં બધાં જ ઉપનિષદ્ વાક્યોનું વિવેચન આ સ્થળે જોવા મળે છે. સાંખ્ય-પૂર્વમીમાંસાને પૂર્વપક્ષ તરીકે સ્થાપીને વર્ણ્યવિષયને વધારે અસરકારક રીતે રજૂ કર્યો છે. પ્રધાન જગત્કારણ નથી પણ અનવધિકાતિશયઆનંદસ્વરૂપ પરબ્રહ્મ જ જગતનું કારણ છે. એ બાબત પ્રતિપાદિત કરી છે. સાથે સાથે જગતના પાલક અને સંહર્તા પણ તે જ છે એમ બતાવ્યું છે.

(4) ચિત- અચિત્‌થી વિશિષ્ટ એવું બ્રહ્મ જગત્ કારણ છે તેમ બતાવતાં તેમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. કે ચેતન અને અચેતન બન્ને તત્ત્વો અત્યંત ભિન્ન છે. અને આ બન્ને તત્ત્વો પરબ્રહ્મનાં શરીર છે એટલે એ રીતે તે બન્ને તત્ત્વો વચ્ચે વિશિષ્ટ ઐક્ય રહેલું છે. જીવ અને અચિત્ જગત બ્રહ્મનું શરીર છે તે બાબત અક્ષિપુરુષ આદિત્ય પુરુષ ઈન્દ્રપ્રાણ વગેરે અધિકરણોમાં સ્પષ્ટ કરવામાં આવી છે.

(5) પ્રથમ અધ્યાયનાં બીજા અને ત્રીજા પાદમાં પરબ્રહ્મનાં વિશિષ્ટ ગુણોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બ્રહ્મ ચિત્ - અચિત્ સર્વ પદાર્થોમાં રહેલું હોવાથી તે

સર્વાત્મા છે. અને દરેક પદાર્થોમાં રહેલું હોવાથી તે સર્વાત્મ છે. અને દરેક પદાર્થોમાં રહીને તે તેમનું નિયમન કરે છે તેથી તે સર્વનો નિયામક છે. સર્વને ધારણ કરી રાખનાર હોવાથી બ્રહ્મ આધાર પણ છે અને તેની મહત્ તથા અનંતતાને કારણે તે ભૂમા સ્વરૂપ પણ છે. બ્રહ્મ હૃદયાકાશમાં રહેલ છે. તો સાથે સાથે મુક્તાત્માઓ આનંદનું સ્થાન પણ છે.

પ્રસ્તુત અધ્યયન દ્વારા એક બીજી વિશિષ્ટ બાબત એ નજર સમક્ષ આવે છે કે બ્રહ્મ ઉભયલિંગ છે. અર્થાત્ તેમાં સમસ્ત કલ્યાણ ગુણો રહેલા છે. એમ સગુણ દ્વારા બ્રહ્મને જાણી શકાય છે તથા તેમાં એક પણ હેયગુણ અર્થાત્ ત્યાજ્ય ગુણ નથી. તે પ્રમાણે પણ બ્રહ્મને જાણી શકાય છે. શંકરાચાર્યનાં નિર્ગુણ બ્રહ્મ કરતાં આ પ્રકારે નિર્ગુણતાનું અર્થઘટન વધુ રોચક તથા પથ્ય છે.

(6) એક માત્ર બ્રહ્મ જ જગતનું કારણ છે. બીજા કોઈ તત્ત્વની આવશ્યકતા નથી તે બાબત વિવિધ ઉપનિષદ વાક્યોના આધારે બતાવવામાં આવી છે. સાંખ્ય અને યોગ જે રીતે પ્રધાન અને પરમાણુને જગત્ કારણ માને છે તે પ્રમાણે બ્રહ્મને જગત્‌ના સર્જન માટે અન્ય કોઈ પદાર્થની અપેક્ષા રહેતી નથી.

(7) પ્રથમ અધ્યયના ચોથા પાદમાં બ્રહ્મ જ જગતનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ છે તેમ બતાવ્યું છે પરબ્રહ્મ પોતાના સંકલ્પમાત્રથી જગતનું સર્જન કરે છે. બ્રહ્મ પોતે નિર્વિકાર છે છતાં પરિણામવાદને કારણે તે જગતનું ઉપાદાન કારણ બને છે. આ રીતે બ્રહ્મ જગતનું ઉપાદા કારણના બની શકે તેના વિરોધનો ઉત્તર આપવામાં આવ્યો છે.

(8) આ જગત્ બ્રહ્મનું કાર્ય છે. છતાં બ્રહ્મથી તે પૃથક્ નથી. અહીં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કાર્ય-કારણની બીજી અવસ્થા જ છે આ સમગ્ર જગત બહ્મનું શરીર

છે. તેથી જેમ જીવ આ અચેતન શરીરનો નિયામક બને છે તેમ બ્રહ્મ આ ચિદચિદાત્મક જગતનો નિયામક બને છે. સૂક્ષ્મ શરીર અને સ્થૂળ ચિદચિદાત્મક શરીર અવસ્થાભેદ છે. સૂક્ષ્મ શરીર કારણ છે. અને સ્થૂળ શરીર કાર્ય છે. ઈશ્વરની ઈચ્છાથી સૂક્ષ્મ શરીર સ્થૂળ સ્વરૂપે અવસ્થાન્તર પામે છે ત્યારે તે કાર્ય કહેવાય છે. આ બન્ને અવસ્થામાં પણ તે બ્રહ્મનું શરીર જ રહે છે. તેથી બ્રહ્મ અને ચિદચિદાત્મક શરીર વચ્ચે શરીર-શરીરી ભાવસંબંધ છે.

(9) સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે બીજા અધ્યાયના પ્રથમ પાદમાં સાંખ્ય મતનું ખંડન કરવામાં આવ્યું છે પરંતુ તેમ નથી કારણ કે જો તેમ માનવામાં આવે તો તર્કપાદમાં સાંખ્યમતનું જે ખંડન કરવામાં આવ્યું છે તેમાં પુનરુક્તિ દોષ લાગે એટલે અમારા મતે બીજા અધ્યાયનાં પહેલાં પાદમાં સાંખ્ય મત કરતાં પોતાનો મત કેવી રીતે જુદો પડે છે તે બતાવવાનો જ આશય હોઈ શકે. વેદાન્તીઓ સમક્ષ પ્રધાનમલ્લ સાંખ્ય છે. એટલે ત્યાં સુધી તેમનાથી પોતાનો મત જુદો છે. તેમ સ્થાપિત ના કરી શકાય ત્યાં સુધી તે મતોનું ખંડન કરેવી રીતે કરી શકાય ? વેદાન્તદીપમાં સૌ પ્રથમ સાંખ્ય મતથી પોતાનો મત પૃથક્ છે તેમ સફળતા પૂર્વક બતાવ્યા પછી જ બીજા 'તર્કપાદ'માં સાંખ્યાદિ મતોનું ખંડન કરવામાં આવ્યું છે.

(10) સૃષ્ટિ ઉત્પત્તિ વિષયક સાંખ્ય, વૈશેષિક, બૌદ્ધ, જૈન, પાશુપત વગેરેના સિદ્ધાન્તોનું નિરસન કરીને બ્રહ્મ સ્વયં કેવી રીતે જગતનું કરે છે. તે બાબત બીજા અધ્યાયનાં બીજા પાદમાં બતાવવામાં આવી છે. વેદાન્તમાં પંચીકરણ દ્વારા પંચ મહાભૂતોમાંથી જગતની ઉત્પત્તિ બતાવી છે. સૌ પ્રથમ પરબ્રહ્મ બ્રહ્મનું સર્જન કરે છે અને તે આ પંચીકરણ વિદ્યા દ્વારા ચરાચર જગતનું સર્જન કરે છે. જો કે વેદાંતદીપમાં ત્રિવૃત્તકરણનો સિદ્ધાન્ત અપનાવવામાં આવ્યો છે.

(11) બીજી એક બાબત એ નોંધનીય છે કે સાંખ્યાદિ મતોનું ખંડન કરવા માટે જે કઠોરતા જોવા મળે છે તે ભાગવત મતના ખંડનમાં જોવા મળતી નથી. બીજી રીતે કહીએ તો ભાગવત મત કંઈક અર્થમાં વિશિષ્ટાદ્વૈત મતને સ્પષ્ટ કરવામાં સહાયક બને છે. તેનાં કેટલાક સિદ્ધાન્તો વિશિષ્ટાદ્વૈત માટે ઉપકારક છે તેથી ભાગવત મતના ખંડન વખતે આચાર્ય ખુબ કાળજી લે છે અને સ્નવ મતનો વિરોધ ના થાય તેનું ધ્યાન રાખે છે.

(12) ત્રીજા અધ્યાયના બીજા પાદમાં બ્રહ્મ અને જીવ વચ્ચેના સંબંધનું નિરૂપણ કર્યું છે. જીવ અને બ્રહ્મ બન્ને નિત્ય છે. અને બન્ને સમાન છે. છતાં જીવ બ્રહ્મથી જુદો છે. જીવ જ્ઞાતા છે. કર્તા છે. નિત્ય છે જ્યારે બ્રહ્મ જીવનો અન્તર્યામી છે. જ્ઞેય છે. જીવ બ્રહ્મનો અંશ છે તેથી જીવ બ્રહ્મ સાથે સામ્ય ધરાવે છે. તે રીતે જીવ અને બ્રહ્મ વચ્ચે અંશાંથી સંબંધ છે. છતાં જીવ અને બ્રહ્મ પૃથક્ છે.જીવ ધર્મભૂત જ્ઞાનથી પછી હોય છે. તેથી જ્ઞાનના સંકોચ-વિકાસ પ્રમાણે તે બન્ધ-મોક્ષ અનુભવે છે. જીવ અને બ્રહ્મના સંબંધને નિરૂપણ तत्त्वमसि વાક્યનો અર્થ વિશિષ્ટ છે. त्वम् શબ્દનો અર્થ રામાનુજાચાર્ય 'સામાન્ય જીવ' એવો નથી કરતા પરંતુ 'અચિત્ વિશિષ્ટ જીવ' એવો કરે છે. આવો જીવ બ્રહ્મનો સૂચક છે. અને तत् શબ્દ સર્વજ્ઞ, અત્યસ્વરૂપ, જગત્કારણ પરબ્રહ્મના અર્થમાં પ્રયોજાયો છે. આ પ્રમાણે જોતાં અન્તર્યામી ઈશ્વર તથા જગતનું નિર્માણ કરનાર ઈશ્વર અને અચિત્થી વિશિષ્ટ એવો જીવ એક જ તત્ત્વ છે. અચિત્ વિશિષ્ટ એવો જીવ એક તત્ત્વ અને ચિદચિદાત્મક શરીર રૂપ વિશિષ્ટ એવું બ્રહ્મ બીજુ તત્ત્વ છે. જીવ કર્મના બંધનથી બંધાય છે. જ્યારે ઈશ્વર માત્ર નિયામક છે. આ રીતે જીવ અને બ્રહ્મ વચ્ચે વિશેષણ-વિશેષ્યભાવ સંબંધ રહેલો છે.

(13) ત્રીજા અધ્યાયમાં બ્રહ્મપ્રાપ્તિના ઉપાય તરીકે 'ઉપાસના નો માર્ગ બતાવ્યો છે. વિવિધ ઉપનિષદોમાં બતાવેલી વિદ્યાઓ ઉપાસના પ્રકાર છે. જુદા જુદા તત્ત્વો બ્રહ્મના ચિહ્નો છે અને તેની ઉપાસના દ્વારા બ્રહ્મની નજીક પહોંચી શકાય છે. વેદાન્તદીપમાં શ્રીરામાનુજાચાર્યે માત્ર જ્ઞાનને જ બ્રહ્મ પ્રાપ્તિનું સાધન માન્યુ નથી પણ કર્મને પણ બરાબર સાધન માન્યું છે. ધ્યાન, ઉપાસના, ભક્તિને જ્યારે જ્ઞાનનો આધાર પ્રાપ્ત થાય ત્યારે તેના દ્વારા પ્રાપ્ત ફળ ખૂબ ઉત્તમ હોય છે. જ્ઞાન પ્રાપ્તિમાં કર્મ અત્યંત આવશ્યક છે. જે ઉપાસના દ્વારા થાય છે. ઉપાસનાનો માર્ગ વેદાન્તદર્શનમાં નવીન છે. શંકરાચાર્યે માત્ર જ્ઞાનને જ મોક્ષ પ્રાપ્તિનું સાધન માન્યું છે. જ્યારે શ્રીરામાનુજાચાર્યે જ્ઞાન કર્મ સમુચ્ચયને મોક્ષ પ્રાપ્તિનું સાધન માન્યું છે જે માત્ર વિદ્વત્ ભોગ્ય ન રહેલાં સર્વજન સુખાય અને સર્વજન હિતાય બની રહે છે.

(14) ચોથા અધ્યયામાં જીવની મુક્તાવસ્થાનો સિદ્ધાન્ત બીજા દર્શનો અને સમ્પ્રદાયનો કરતાં વિશિષ્ટ છે. જીવ જ્યારે પાપ-પુણ્ય રૂપ કર્મમાંથી મુક્ત થાય છે. અને સંચિત તથા પ્રારબ્ધ કર્મ ફળ નાશ પામે છે. ત્યારે જીવ આ શરીરમાંથી ઉત્ક્રાન્ત થઈને પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. મુક્તાવસ્થામાં જીવ બ્રહ્મનું સામ્ય પ્રાપ્ત કરે છે. છતાં તે બ્રહ્મથી પૃથક્ રહે છે. આ મુક્તાવસ્થાની વિશિષ્ટતા એ છે કે જીવ પૂર્વાતઃ બ્રહ્મમય બની જતો નથી પણ બ્રહ્મનું સામ્ય પ્રાપ્ત કરીને બ્રહ્મનાં બધાં કલ્યાણ ગુણોનો અનુભવ કરતો માત્ર આનંદનો અનુભવ કરે છે. અહીં એક વાત નોંધવી જોઈએ કે મુક્તાવસ્થામાં જીવ બ્રહ્મ સમાન બનતો હોવા છતાં જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લયનું એ કારણ બની શકતો નથી મુક્તાવસ્થામાં જીવ પોતાના મૂળ સ્વરૂપમાં પાછો ફરે છે. જ્યાંથી તેને ફરીથી

જન્મ લેવાની જરૂર પડતી નથી પરંતુ જ્યારે તે ઈચ્છે ત્યારે અને ભગવાનની લીલાને બતાવવા માટે પૃથ્વી પર જન્મ ધારણ કરે છે.જે ઈશ્વરની વિભૂતિ તરીકે ઓળખાય છે.

(15) આ ગ્રન્થમાં અદ્વૈત વેદાન્તનું ખંડન કર્યું નથી પણ જે રીતે સગુણ બ્રહ્મનું પ્રતિપાદન કર્યું છે તે પ્રમાણે નિર્ગુણ બ્રહ્મનું નિરસન આપો આપ થઈ જાય છે. નિર્વિશેષ બ્રહ્મ કોઈ રીતે જ્ઞાનનો વિષય બની શકતું નથી કારણ કે જ્ઞાન હંમેશા સવિશેષ પદાર્થનું જ થાય છે. જ્યારે પ્રથમ વખત જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે 'આ કંઈક છે' એ પ્રમાણે નિર્વિકલ્પ જ્ઞાન હોય છે ત્યાર બાદ ફરી તે જ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે 'આ ગાય છે' એ પ્રમાણે સવિકલ્પ જ્ઞાન થાય છે આ બન્ને અવસ્થામાં જે પદાર્થનું જ્ઞાન થાય છે તે પદાર્થ સવિશેષ જ હોય છે. પ્રથમ વખતના જ્ઞાનમાં માત્ર તે પદાર્થનું સ્પષ્ટ જ્ઞાન થતુ નથી એટલું જ. બ્રહ્મ સવિશેષ હોવાથી જ તેનું જ્ઞાન થઈ શકે છે.

(16) જીવ બ્રહ્મથી વસ્તુતઃ અભિન્ન છે પરંતુ અવિદ્યાને કારણે તે પૃથક્ દેખાય છે. આ જગત શંકરાચાર્યના વેદાન્ત પ્રમાણે મિથ્યા નથી પણ જગત્ પણ બ્રહ્મની જેમ સત્ય છે. કારણ કે જગત બ્રહ્મનું શરીર છે. સૂક્ષ્મ અને સ્થૂળ ચિદચિદાત્મક જગતમાં બ્રહ્મ વિશિષ્ટ રીતે રહેલ છે. તેથી તેને મિથ્યા કેવી રીતે ગણી શકાય ?

(17) અવિદ્યાનો નાશ થતાં જીવ અને બ્રહ્મનો વાસ્તવિક સંબંધ સ્પષ્ટ થાય છે અને જીવ બ્રહ્મ સાથે ઐક્યનો અનુભવ કરે છે.

(18) પ્રસ્તુત અધ્યયન પરથી એક બાબત એ ફલિત થાય છે કે પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાં એક જ શાસ્ત્રના બે ભાગ છે. આ બાબત પ્રથમ સૂત્રમાં વેદાન્તનાં પૂર્વવૃત્તની ચર્ચા કરતી વખતે સમજાય છે. પૂર્વમીમાંસાના અધ્યયન દ્વારા

સમજાય છે. કે વૈદિક ક્રિયા કાંડ પરમપુરુષાર્થની પ્રાપ્તિમાં પર્યાપ્ત નથી તેથી વેદાન્તના અધ્યયનની પૂર્વભૂમિકા રચાય છે. વળી બ્રહ્મસૂત્રનું અર્થઘટન કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન પૂર્વમીમાંસાના અધ્યયન વગર થઈ શકતુ નથી જેમ કે શબ્દ, વાક્ય, સ્થાન વગેરેનો વિરોધ ઊભો થાય ત્યારે તેમાંથી કર્યો અર્થ વધારે પ્રબળ છે તેનો નિર્ણય કરવાના દિશાસૂચન પૂર્વમીમાંસામાં છે. જેમ કે પૂર્વમીમાંસાના શાખાન્તરાધિકરણમાં સિદ્ધાન્ત સૂત્ર રજૂ કરેલું છે. કે કર્મમાં કે વિજ્ઞાનોમાં અભેદ સિદ્ધ કરનારા હેતુઓને ભેગા કરી લેવાના હોય છે. બ્રહ્મસૂત્રમાં ઘણા વિરોધી મતોનો સમાહાર કરવામાં પૂર્વમીમાંસાના સિદ્ધાન્તોની આવશ્યકતા રહે છે. માટે પૂર્વમીમાંસાના અધ્યયન પછી જ ઉત્તરમીમાંસાનું અધ્યયન શક્ય બને છે. આ રીતે આ આખું એક સળંગ શાસ્ત્ર છે. જેમાં પ્રથમ બાર અધ્યાય પૂર્વમીમાંસા, અંતિમ ચાર અધ્યાય ઉત્તરમીમાંસા અને આ બન્ને ભાગને જોડતાં વચ્ચેના ચાર અધ્યાય સંકર્ષણકાંડ તરીકે ઓળખાય છે. આ રીતે આ ત્રણે ભાગ ભેગા મળીને વીસ અધ્યાય વાળું એક જ શાસ્ત્ર છે.

(19) ભગવદ્‌ગીતામાં નિરૂપાયેલો 'પ્રપત્તિ'નો માર્ગ અહીં વધુ પુષ્ટ થયો છે. બીજા શબ્દોમાં કહીએ તો શ્રી રામાનુજાચાર્યે પ્રપત્તિનાં માર્ગનું નવસંસ્કરણ કરીને સર્વ વર્ણને મોક્ષ પ્રાપ્તિમાં સહાયક માર્ગનું પ્રતિપાદન કર્યું છે. શૂદ્ર અને અન્ય નિમ્ન જાતિને વેદાધ્યયનો અધિકાર ન હતો. તેથી તેઓ મોક્ષ લાભથી વંચિત રહી જાય તેવી સ્થિતિની વચ્ચે પ્રપત્તિના આ નવીન માર્ગથી સર્વવર્ણન અને સર્વ આશ્રમ માટે મોક્ષના દ્વારા ખૂલી ગયા. શ્રી રામાનુજાચાર્યનું આર્દ્ર હૃદય આ સમગ્ર ગ્રન્થ ઉપરાંત તેમનાં જીવન સંદેશમાં વ્યક્ત થયું છે. મોક્ષ પર કોઈ એક જાતિ કે કોમનો અધિકાર તેમને માન્ય ન હતો.તેથી તેમણે સર્વજન

હિતાય નવો પ્રપત્તિનો માર્ગ ઉપદેશ્યો. જે ભારતીય સમાજને વધુ મજબૂત બનાવવામાં મહત્ત્વનો સાબીત થયો.

(20) 'વેદાન્તદીપ' બ્રહ્મસૂત્ર પરનું લઘુભાષ્ય હોવા છતાં શબ્દાર્થ ગાંભીર્યને કારણે વિશિષ્ટાદ્વૈત પરંપરાનો એક ઉત્તમ ગ્રન્થ સાબીત થાય છે. નવાસવા અભ્યાસુ માટે આ ગ્રન્થ ખુબ ઉપયોગી છે. અન્નભટ્ટના શબ્દોમાં કહીએ તો આ ગ્રન્થ 'बालानां सुखबोधाय' છે. તેથી જ આ ગ્રન્થમાં ખંડન-મંડનની પ્રવૃત્તિ નહિવત્ છે. આ ગ્રન્થનું મુખ્ય પ્રયોજન વિશિષ્ટાદ્વૈતમાં સરળતાથી અવગાહન કરાવવાનું છે. એકવાર આ મતને બરાબર સમજી લીધા પછી વધુ જિજ્ઞાસા ઉત્પન્ન થાય તો તેમના માટે 'શ્રીભાષ્ય' છે જ. વેદાન્તદીપની પ્રસ્તાવનામાં જ આચાર્ય લખે છે. કે श्रुतिन्यायविरोधस्तु तेषां भाष्ये प्रपञ्चित इति नेह प्रतन्यते । भाष्योदितोऽधिकरणार्थः ससूत्रविवरणः सुखग्रहणाय संक्षेपेणोयन्यस्यते ॥

(21) વિદ્વાનોમાં એક ટીકા સર્વ સામાન્ય છે કે શ્રી રામાનુજાચાર્યે શંકરાચાર્યની જેમ ઉપનિષદો પર ભાષ્યની રચના કરી નથી. પરંતુ પ્રસ્તુત ગ્રન્થના અધ્યયન દ્વારા તથા શ્રીભાષ્યના અનુશીલન દ્વારા સમજાઈ જાય છે કે શ્રીરામાનુજાચાર્યને ઉપનિષદો પર ભાષ્ય લખવાની જરૂર જણાઈ જ નથી કારણ કે આ બન્ને ગ્રન્થોમાં જે પ્રમાણે ઉપનિષદ્ વાક્યોનો સંદર્ભ આપીને સમજાવવામાં આવ્યા છે. તે સ્વયં એક અભિન્ન ઉપનિષદ્ ભાષ્ય બની જાય છે. ઉપનિષદ્ પરના ભાષ્યો આપો આપ જ રચાઈ જાય છે. વિદ્વત્જન આ બન્ને ગ્રન્થના અધ્યયન પરથી કોઈપણ ઉપનિષદનું વિશિષ્ટાદ્વૈત પરક અર્થઘટન કરી શકે છે. માટે ઉપનિષદ પરના ભાષ્યોમાટે કોઈ અલગ ગ્રન્થ રચનાની જરૂરીઆત જણાતી નથી.

(22) સૌથી મહત્ત્વનો પ્રશ્ન બધા ભાષ્યકારોમાં ક્યા ભાષ્યકાર બ્રહ્મસૂત્રકારના અર્થઘટનને સૌથી વધુ વફાદાર રહ્યા છે ? અથવા ક્યો ભાષ્યકાર બ્રહ્મ સૂત્રનું યથાર્થ નિરૂપણ કરે છે ? દરેક ભાષ્યકાર પોતાને બ્રહ્મસૂત્રની સૌથી વધુ નજીક બતાવવા પ્રયત્ન કરે છે. આ વિષય તુલનાત્મક અધ્યયનો હોવા છતાં અમે જે અધ્યયન કર્યું છે તે પરથી અમારું માનવું છે કે શ્રીરામાનુજાચાર્ય બ્રહ્મસૂત્રકારની સૌથી વધુ નજીક છે કારણ કે તેમણે જે માર્ગ બતાવ્યો છે. તે માર્ગ વેદ અને ઉપનિષદોમાં પહેલેથી જ ચાલ્યો આવે છે. જ્ઞાનકર્મ સમુચ્ચય, પ્રપત્તિ, ભક્તિ, ઉપાસના વગેરે વેદમાં આંગોપાંગ બતાવ્યા છે. આ માર્ગને જ્ઞાનનું આવરણ આપીને વધુ મજબૂત બનાવવાનો ઉપક્રમ ભગવાન બાદરાયણનો રહ્યો છે. તેમ સમજતાં વાર લાગતી નથી જેને શ્રીરામાનુજાચાર્ય પ્રસ્તુત ગ્રન્થમાં સુંદર રીતે નિરૂપ્યો છે. વળી, રામાનુજાચાર્યે દરેક સૂત્ર પર એક જ ચોક્કસ મત રજૂ કર્યો છે. એટલે તેઓ સૂત્રના અર્થઘટનની બાબત માં સહેજ પણ સંદેહ ધરાવતા નથી તેમ સમજાય છે. શંકરાચાર્ય ઘણા સૂત્રોનું અર્થઘટન માટે બે કે તેથી વધુ મતો રજૂ કરે છે. આ બાબત વિદ્વતાનું પ્રતિક હોઈ શકે. પરંતુ સૂત્રનો યથાર્થ અર્થ શું હોય તે નિર્ણય કરવામાં વિકલ્પની આવશ્યકતા નથી. શ્રીરામાનુજાચાર્ય આવો વિકલ્પ આપતા નથી. ડૉ.થીબો, ની એસ. ઘાટે જેવા વિદ્વાનો પણ માને છે કે શ્રીરામાનુજાચાર્ય શંકરાચાર્ય કરતાં બ્રહ્મસૂત્રની વધુ નજીક છે. વી.એસ.ઘાટે પોતાના ગ્રન્થ ઘ વેદાન્તમાં લખે છે કે It must be admitted that the interpretations of Ramanuja and Nimbarka are in any case more nutural than that of Saṁkara. (P.104)

આમ, વેદાન્તદીપ ભારતીય દર્શન શાસ્ત્રોમાં એક મહત્ત્વનો ગ્રન્થ સાબીત થઈ શકે છે. વિશિષ્ટાદ્વૈત મતનો પ્રચાન અને પ્રસાર તથા અધ્યયનમાં આ ગ્રન્થ રામાનુજાચાર્યના સમયમાં જેટલો મહત્ત્વપૂર્ણ બન્યો હતો તેટલો જ બલ્કે તેથી પણ વધારે વર્તમાન સમયમાં મહત્ત્વપૂર્ણ બની શકે છે. વિશ્વવિદ્યાલયોમાં વેદાન્તના અધ્યયનની વાત આવે ત્યારે સામાન્ય રીતે શાંકર વેદાન્તને જ મુલવવામાં આવે છે. અને ત્યાર બાદ શ્રીભાષ્યનું અધ્યયન કરવામાં આવે છે. એ સીવાય વિશિષ્ટાદ્વૈતનું અધ્યયન કરવામાં બીજા કોઈ ગ્રન્થનો શૂન્યાવકાશ સર્જાય છે. વેદાન્તદીપ આ શૂન્યાવકાશ ભરવામાં સંપૂર્ણ રીતે સમર્થ છે તેમાં કોઈ શંકા નથી.

• • •